# શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા

## **શ્રી જન્મ  કલ્યાણક પૂજા પ્રારંભ**

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ |

દુહા

અચળ રહ્યા પ્રભુ ગર્ભમાં, માતની જાણી દાઝ

વિપરીત સમજી મા રડે, સવળ્યા ત્રિભુવન રાજ |

માતપિતા જીવતાં સુધી, દીક્ષા ન લેવી મ્હારે

અંતર્યામી તે સમે, અભિગ્રહ એવો ધારે |



મંગલ દિન મંગલ ઘડી, મંગલ યોગ અનુપ

મંગલ કારણ જગતમાં, જન્મ્યા ત્રિભુવન ભૂપ |

જન્મ્યા ત્રિભુવન ભૂપ |

## ઢાળ

(રાગ: પારેવડાં જાજે વીરાના દેશમાં)

સોહામણી ધન્ય ઘડી એક આવતી (૨)

વીર જન્મના વધામણાં લાવતી, સોહામણી ધન્ય ઘડી એક આવતી

ચૈત્ર શુદિ તેરસની રાતડી અનોખી, જ્યોતિ ત્રિલોકમાં ફેલાવતી

સોહામણી ધન્ય ઘડી એક આવતી

સાતે નરક પણ અજવાળાં પામિયા, સ્થાવરનાં દુઃખડાં મિટાવતી

સોહામણી ધન્ય ઘડી એક આવતી

છપ્પન્ન દિગકુમરી તિહાં હોંશથી, સુતિકરણ કાજ આવતી

સોહામણી ધન્ય ઘડી એક આવતી

પ્રભુને નમી પ્રભુ માતને નમીને, નિજ નિજ કરણી બજાવતી

સોહામણી ધન્ય ઘડી એક આવતી (૨)

ઓ વીરકુંવર (૨) ત્રિશલાનંદન, તારું નામ જગતને તારે છે

તારું નામ જગતને તારે છે, ભવસાગર પાર ઉતારે છે (૨)

સોહામણી (૨) ધન્ય ઘડી આવતી, વીર જન્મના વધામણાં લાવતી

જોજન ક્ષેત્રની શુદ્ધ કરી ધરણી, અવ જળ કુસુમ વરસાવતી

અવ વીંજણ ચામર દર્પણ દીપક, કળશ ભરી ભરી લાવતી

સોહામણી (૨) ધન્ય ઘડી આવતી, વીર જન્મના વધામણાં લાવતી

અવ નવણ કરાવી માત પ્રભુને, રંભાગૃહે પધરાવતી

શણગારી બાંધતી રક્ષાની પોટલી, ચરણોમાં શિર નમાવતી

સોહામણી (૨) ધન્ય ઘડી આવતી, વીર જન્મના વધામણાં લાવતી

દુનિયાનો દીવો જાયો એ માતને, ધન્યવાદ આપી ગુણ ગાવતી

સુત ઘણું જીવજો (૨) આશિષ દઈ સંચરે, યશોભદ્ર મન ભાવતી

સોહામણી (૨) ધન્ય ઘડી આવતી, વીર જન્મના વધામણાં લાવતી

(ચગાવવું)



ઓ વીરકુંવર ત્રિશલાનંદન, તારું નામ જગતને તારે છે (૨)

તારું નામ જગતને તારે છે, ભવસાગર પાર ઉતારે છે (૨)

ઓ વીરકુંવર (૨) ત્રિશલાનંદન, તારું નામ જગતને તારે છે

ઓ વીરકુંવર ત્રિશલાનંદન, તારું નામ જગતને તારે છે

દુહા

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

આસન કંપે ઈન્દ્રનું રે, પ્રભુ જન્મ્યા સમજાય

જઈ જીનને વંદન કરી, હરિ હર્ષિત અતિ થાય |

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

નિંદ્રા આપી માતને રે, મૂકી બિંબ અનુપ

સુરગિરિ પ્રભુને લાવિયા રે, હરિ ધરી પંચરૂપ |

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ચોસઠ સુર નરનારીઓ રે, મલિયા સુરગિરિ શૃંગ

પ્રભુ જન્મોત્સવ કારણે રે, અંતર અતિ ઉમંગ |

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ખમ્મા રે ખમ્મા ત્રિશલાના નંદને, કોટી કોટી કરું વંદના, કોટી કોટી કરું વંદના

ઢાળ

ભક્તિથી ઉર ભરપુર, ચોસઠ સુર સુરગિરિ આયા, અભિષેક કરી સુખ પાયા

ભક્તિથી ઉર ભરપુર, ચોસઠ સુર સુરગિરિ આયા, અભિષેક કરી સુખ પાયા

માગધ વરદામ ક્ષીરોદધિ જલ, પૂજા સામગ્રી રચી નિર્મલ

પાંડુકશિલા પર આસન રમ્ય બનાયા, અભિષેક કરી સુખ પાયા

હરિ પ્રભુબળની શંકા લાવે, અંગુઠે મેરુ ધ્રુજાવે

ભ્રમ દુર થતાં ચરણોમાં શિર નમાયા, અભિષેક કરી સુખ પાયા

(ચગાવવું)

અભિષેકે ચોસઠ સહસ કલશ, એવાં અઢીસેં અભિષેક સરસ

વૈમાનિક સુર સુરનારી મલીને ચઢાયા, અભિષેક કરી સુખ પાયા

પ્રભુ અંગ લુછી ચરચી ચંદન, ફૂલ ધૂપ દીપ ધરી રમ્ય વસન

ગીત નર્તન નવનવ ભાવ કરી રીઝાયા, અભિષેક કરી સુખ પાયા

ભક્તિથી ઉર ભરપુર, ચોસઠ સુર સુરગિરિ આયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

ભક્તિથી ઉર ભરપુર, ચોસઠ સુર સુરગિરિ આયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

. .

મારા જીવન કેરી નાવ, તારે હાથ સોંપી છે

ચાહે ડુબાડે કે તાર, તારે હાથ સોંપી છે

ભક્તિથી ઉર ભરપુર, ચોસઠ સુર સુરગિરિ આયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

હરિ જિન જનની પાસે આવે, વંદન કરી પ્રભુને પધરાવે

અવસ્વાપિની નિંદ્રા બિંબને દુર હટાયા,

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

અંગુઠે અમૃત રસ ધરતા, ઋદ્ધી સિદ્ધી નવ નિધિ ભરતા

નિજ કૃત્ય કરી ચાલ્યા હરખે સુર રાયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

નંદીશ્વર પર સહુ સુર જતા, અઠ્ઠાઇ મહોત્સવ ઉજવતા

અદભુત આનંદ સમીરે મન લહેરાયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

વીર જિનનાં ગુણગાન કરી, પૂજા કરીએ ભવિ ભાવ ધરી

યશોભદ્ર જિન જન્મ કલ્યાણક ગાયા

અભિષેક કરી સુખ પાયા, અભિષેક કરી સુખ પાયા

મારા જીવન કેરી નાવ, તારે હાથ સોંપી છે

ચાહે ડુબાડે કે તાર, તારે હાથ સોંપી છે

કાવ્યમ

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુકખકાલે |

મહંકરેજ્જાડસુરસુરઈંદા, જએઉસોવીર-જિણિન્દનાહો ||

મંત્ર:

(ચગાવવું)

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલમ, ચંદનમ, પુષ્પમ, ધૂપમ,

દીપમ, અક્ષતમ, નૈવેધ્યમ, ફલમ, યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

શ્રી જન્મ કલ્યાણકે દ્વિતીય પૂજા સમાપ્ત